જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૨/૨૦૧૭ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૫૧૭/૧૭

શહેરકોટડા પોલીસ સ્ટેશન :

### ઓટોરીક્ષા ચોર ઇસમને પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

વિશેષ સંયુક્ત પોલીસ કમિ.શ્રી કે.એલ.એન.રાવ સાહેબ શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ રાહુલ ત્રિપાઠી સાહેબ તથા એ.સી.પી. શ્રી બળદેવ દેસાઈ સાહેબ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.એમ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. એ.ડી.ચાવડા સાહેબ તથા સ્ટાફના પો.કો. કેતનકુમાર વિનુભાઈ બ.નં ૪૮૪૧ તથા પો.કો. સંદીપભાઇ બાબુભાઇ બ.નં.૪૯૨૦ નાઓને મળેલ બાતમી હકીકત આધારે સરસપુર હંજરસિનેમા પાસે આર.સી.ટેક્નીકલ સ્કુલના કોટ પાસે વોચ ગોઠવી આરોપી ફીરદોશખાન ગુલજાદાખાન પઠાણ ઉ.વ.૨૭ રહે, ખુશ્બુ રો હાઉસ વિભાગ-૨ ફૈજેઆમ સ્કુલની બાજુમાં કાજી મસ્જીદની પાસે ગ્યાસપુર ફતેવાડી અમદાવાદ શહેર નાને ઓટો રીક્ષા નં.જીજે-૦૧-ડીટી-૪૫૧૬ કિ.રૂ.૫૦,૦૦૦/- ની સાથે પકડી તા.૧૫/૧૨/૧૭ ના રોજ સીઆરપીસી કલમ ૪૧(૧)(ડી) મુજબ અટક કરી આરોપીની પુછપરછ કરતા ઉપરોક્ત ઓટોરીક્ષા ગઈકાલ ના રોજ નાઝરથ કોલોની આગળથી ભાઈપુરા ચાર રસ્તા ખોખરા ખાતેથી ચોરી કરેલાની કબુલાત કરેલ હોય આરોપી પાસેથી ઓટોરીક્ષા નં.જીજે-૦૧-ડીટી-૪૫૧૬ કિ.રૂ.૫૦,૦૦૦/- ની કબજે કરી ખોખરા પો.સ્ટે. ફ.ગુરનં- ૧૧૮/૧૭ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ ચોરીનો ગુનો શોધી કાઢવામાં આવેલ અને આગળની વધુ તપાસઅર્થે આરોપી તથા મુદ્દામાલ ખોખરા પોલીસ સ્ટેશન સોપવા તજવીજ કરવામા આવેલ છે.તા.૧૫/૧૨/૧૭



<u>દાણીલીમડા પોલીસ સ્ટેશન :</u>

# મિલ્કત સંબંધી ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા અધિક નાયબ પો.કમિ.શ્રી "કે" ડીવીઝનનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા વાહન/ઘરફોડ ચોરીના ગુનાઓ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઈન્સપેક્ટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.આર.જી.ખાંટ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના પો.કો.તારીફ ગુલામરસુલ તથા પો.કો.ધર્મરાજ યુવરાજનાઓને સયુંકત મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી **ઈરફાન મહમદઈશભાઇ કુરેશી ઉ.વ.૨૪ રહે : મ.નં.૧૦૪ જેઠાલાલની ચાલી અમરદીપ ઈલેકટ્રીક શો રુમ પાછળ બહેરામપુરા કાગડાપીઠ અમદાવાદ શહેર**નાઓને પકડી લઇ જેના કબજામાંથી મળી આવેલ (૧) સોનાનો હાર નંગ-૧ આશરે કિમત રુ,૪૬,૫૦૦/ (૨) એક સોનાની એરીંગ જોડ -૧ આશરે કિમત રુ,૨૦,૦૦૦/ (૩) એક સોનાની લેડીઝ વીંટી નંગ- ૧ આશરે કિમત રુ,૧૦,૦૦૦/ (૪) એક સોનાની બુટ્ટી નંગવાળી પેચ વગરની જોડ નંગ- ૧ આશરે કિમત રુ,૬૭૦૦/ તથા રોકડા રુ,૫૦૯૦/ મળી કુલ્લે કિ,રુ,૮૮,૨૯૦/ નો મુદામાલ કબજે કરી સદરીની પુછપરછ દરમ્યાન સદર સોનાના દાગીના તથા રોકડા રુપિયા આજથી બે-ત્રણ દિવસ પહેલા દાણીલીમડા ગામ યુસરા ફલેટ ખાતેથી ચોરી કરી મેળવેલ હોવાની કબુલાત કરતા સદરી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૫૧/૧૭ ઈપીકો કલમ-૪૫૪,૪૫૭,૩૮૦ મુજબનો મિલ્કત સંબંધી ગુનો શોધી કાઢેલ છે.



**રખિયાલ પોલીસ સ્ટેશન :**

## રખિયાલ પોલીસ સ્ટેશન વિસ્તારમા રહેતા માથાભારે ઇસમને હદપાર કરવા બાબત

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર -૦૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૦૫ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એચ" ડીવીઝન નાઓની સુચનાથી અસામાજિક તત્વો તથા મિલકત સંબંધી ગુનેગારો ઉપર અટકાયતી પગલાની ઝુંબેશ હાથ ધરી વધુમા વધુ માથાભારે ઇસમો વિરુધ્ધ અટકાયતી પગલા લેવા આપેલ સુચના અનુસાર રખિયાલ પોલીસ સ્ટેશના સિની. પોલીસ ઇન્સપેકટર શ્રી સી.આર. રાણા નાઓ દ્વારા અગાઉ મારામારીના ગુનામા પકડાયેલ અને રખિયાલ પોલીસ સ્ટેશન વિસ્તારમા રહેતો માથાભારે ઇસમ સંજયસિંહ ઉર્ફે બામણ અમરસિંહ રાઠોડ ઉવ-૨૧ નાની વિરુધ્ધમા નોંધાયેલ ગુનાઓ આધારે તડીપાર દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ નં- પીસીબી/હદપ/૧૫૨/૧૭ મુજબના હુકમ આધારે આજરોજ તા-૧૫/૧૨/૨૦૧૭ ના રોજ તડીપાર હુકમની બજવણી કરી અમદાવાદ શહેર તથા ગ્રામ્ય તથા ખેડા,મહેસાણા,ગાંધીનગર વિસ્તારમાથી બે વર્ષ માટે તડીપાર કરવામા આવેલ છે.

**મેઘાણીનગર પોલીસ સ્ટેશન :**

આજ રોજ પોલીસ કમિશ્નરશ્રી એ.કે.સિંગ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૪ સુશ્રી શ્વેતા શ્રીમાળી સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન શ્રી દિપક વ્યાસ સાહેબ નાઓની માર્ગદર્શન હેઠળ પોલીસ ઇંન્સપેકટર શ્રી એ.ડી.ગોહીલ નાઓની સુચના મુજબ સર્વે.સ્કવૉડના હે..કો. દિલીપભાઇ ઇશ્વરભાઇ નાઓ તથા પો.કો. સંદિપકુમાર મંગાભાઈ નાઓએ પ્રોહીની પ્રવૃતી કરતા ગોરધન બંસીલાલ જયસ્વાલ રહે. રામચંદ્ર કોલોનીના છાપરા ઘી વાળી ચાલી સામે ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેર નાને પકડી પાડી મે.પો.કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ દ્વારા જારી કરવામાં આવેલ પાસા વૉરંટની બજવણી કરી તેને ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપેલ છે. તા.૧૫/૧૨/૨૦૧૭

**ગોમતીપુર પોલીસ સ્ટેશન :**

## ભરૂચ રૂરલ પોલીસ સ્ટેશનના ધાડ તથા ખંડણીના ગુનાના વોન્ટેડ આરોપીને ઝડપી પાડતી ગોમતીપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૨, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૫, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, "એચ" ડીવીઝન, અમદાવાદ શહેર નાઓ તરફથી મળતી સુચનાઓ જેમાં નાસતા-ફરતા/વોન્ટેડ આરોપીઓને પકડવા સારુ કરેલ સુચના આધારે અમારી સુચના અને માર્ગદશન મુજબ સર્વલંન્સ સ્કોડના પો.સબ.ઇંન્સશ્રી એમ.એચ.યાદવ સાહેબ તથા પો.સબ.ઇંન્સશ્રી એસ.આઇ.રઇશ સાહેબ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.

દરમ્યાન પો.સબ.ઇંન્સશ્રી એમ.એચ.યાદવ સાહેબ નાઓની બાતમી આધારે ભરૂચ રૂરલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૪૪/૨૦૧૭ ઈપીકો કલમ ૩૯૫, ૩૬૪(ક), ૫૦૬(૨), ૩૪૧, ૩૪૨, ૩૨૫ મુજબના ગુનાના કામમાં ટ્રક નં GJ 20 T 7299 ની ટ્રકના ડ્રાઇવરને બાનમાં લઇ સેમસંગ કંપનીનો મોબાઇલ નંગ-૧ કિ.રૂ.૫૦૦/- તથા પ્લાસ્ટીકના દાણા ભરેલ બેગ નંગ-૮૪૦ કિ.રૂ.૧૨,૦૦,૦૦૦/- તથા રોકડા રૂ.૧૩,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ. ૧૨,૧૩,૫૦૦/- ની મત્તાની ધાડ પાડેલ જે ગુનાના કામનો વોન્ટેડ આરોપી સાજીદ ઉર્ફે ચીનો ઉર્ફે મુન્ના સ/ઓ છોટેખાન હકીમખાન પઠાણ ઉ.વ.30 રહે.મ.નં.૩૨ દેવી પ્રસાદની ચાલી, ઉષા સિનેમા રોડ, ગોમતીપુર, અમદાવાદ શહેર નાઓને તા.૧૫/૧૨/૧૭ ના કલાક ૧૯/૪૫ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)આઈ મુજબ પકડી અટક કરી વધુ કાર્યવાહી કરવા સારુ ભરૂચ રૂરલ પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવામાં આવેલ છે.તા.૧૫/૧૨/૨૦૧૭

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**